بسم الله الرحمن الرحيم

### કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

# મઆરિફુલ કુર્આન

## ગુજરાતી

**મૂળ લેખક**

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

**અનુવાદક**

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)

**પ્રકાશક**

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

**સ્થાપક તથા મોહતમિમ**

જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ,
તા. જિ. ભરૂચ (ગુજરાત)





www.maarifulqurangujarati.com

**કાનૂની ચેતવણી:** ● આ તફસીરનો હેતુ ફી-સબિલિલ્લાહ પ્રચાર પ્રસારનો છે, જેથી કોઈપણ વ્યક્તિએ પ્રસ્તુત વેબસાઈટના કોઈપણ સાહિત્યનો અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ વેપારી ધોરણે કરવાની અથવા કિતાબ સ્વરૂપે છપાવવાની સખત મનાઈ છે. માત્ર ઓનલાઈન શેરીંગ કોઈપણ પ્રકારના એડીટીંગ સિવાય કરી શકાય છે.

● પ્રકાશક પાસે આ તફસીરના પિન્ટેડ કોપીના સર્વ હક્ક કોપી રાઇટેડ હોવાના કારણે મઆરિફુલ કુર્આન ગુજરાતીમાંથી પ્રકાશક અને અનુવાદકનો પ્રિન્ટેડ કોપીનો પેજ નંબર, ભાગ નંબરનો હવાલો આપી કોઈ ફકરો કે વાક્ય કોઈ કિતાબ અથવા લેખમાં કોઈપણ જાતના એડીટીંગ વિના લખી / છાપી શકાય છે.

● આ બાબતોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવાની સખત ચેતવણી આપવામાં આવે છે.

નોંધ : મઆરિફુલ કુર્આન ગુજરાતીના ૧૧ ભાગોની હાર્ડ પ્રિન્ટેડ કોપી મેળવવા માટે પ્રકાશક હઝરત મવલાના ઇસ્માઈલ ભૂતા સાહબનો સંપર્ક કરવા વિનંતી છે.

Designed and Typesetting By: **Safwan Patel Khanpuri**

પ્રકરણ (૧૦૭)

# સૂરએ માઊન

સૂરએ માઊન મક્કામાં નાઝિલ થઈ, તેની સાત આયતો છે.

**આયતો : (સૂરએ માઊન : આયત નં. ૧ થી ૭)**

ركوعها ١ — ١٠٧ سُورَةُ الْمَاعُونِ مَكِّيَّةٌ ١٧ — اٰيَاتُهَا ٧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

اَرَءَيْتَ الَّذِيْ يُكَذِّبُ بِالدِّيْنِ (١) فَذٰلِكَ الَّذِيْ يَدُعُّ الْيَتِيْمَ (٢) وَ لَا
يَحُضُّ عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ (٣) فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ (٤) الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ
سَاهُوْنَ (٥) الَّذِيْنَ هُمْ يُرَآءُوْنَ (٦) وَيَمْنَعُوْنَ الْمَاعُوْنَ (٧) ع

**તરજુમો / તફસીર :**

*અલ્લાહના નામથી શરૂ કરૂં છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.*

*શું તે માણસને આપે જોયો જે ન્યાયના દિવસને જૂઠાડે છે ? તો એ માણસ તે જ છે જે યતીમને ધક્કા મારે છે (૨) અને નિરાધારને ખવડાવવા માટે ઉત્તેજન આપતો નથી. (૩) ફરી તે નમાઝીઓની ભારે ખરાબી છે (૪) કે જેઓ પોતાની નમાઝથી બેદરકાર છે. (૫) તેઓ એવા છે કે (જ્યારે બંદગી કરે છે તો) દેખાડવા માટે કરે છે (૬) અને (નજીવી) વાપરવાની વસ્તુ માંગેથી પણ આપતા નથી. (૭)*

**વિસ્તૃત વિવરણ :**

આ સૂરતમાં કાફિરો અને મુનાફિકોના અમુક દુષ્ટ અને નીંદનીય કર્મોનું વર્ણન અને તેના ઉપર જહન્નમની ધમકી છે. આ કર્મો જો કોઈ મો'મિનથી થઈ જાય જે જૂઠાડતો નથી તે પણ જો કે શરઈ રીતે નીંદનીય અને સખત ગુનોહ છે

www.maarifulqurangujarati.com

પરંતુ પ્રસ્તુત ધમકી તેના ઉપર લાગુ નથી પડતી તેથી આ કર્મો અને અમલોથી પહેલાં એ વ્યક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે જે દીન અને કયામતનો ઈન્કારી છે, તેને જૂઠાડે છે. તેમાં ઈશારો એ તરફ છે કે આ અમલો જેનું વર્ણન આગળ આવી રહ્યું છે તે સાચા મો'મિનની શા'નથી સંભવિત નથી, તે કોઈ ઈન્કારી કાફિર જ કરી શકે છે, તે દુષ્ટ કર્મો જેનું આ સ્થળે વર્ણન આ સૂરતમાં કરવામાં આવ્યું છે તે આ છે. ૧.યતીમ સાથે દુર્વ્યવહાર અને તેનું અપમાન, ૨. ગરીબો અને મોહતાજોને શક્તિ હોવા છતાં ખાવું ન આપવું અને બીજાઓને એવું કરવાનું પ્રોત્સાહન કે પ્રેરણા ન આપવી, ૩. નમાઝમાં દેખાડો કરવો, ૪. ઝકાત અદા ન કરવી. આ બધી પ્રવૃત્તિઓ પોતાની જાતમાં પણ ખૂબ નીંદનીય અને સખત ગુનોહ છે અને જ્યારે કુફ્ર અને જૂઠાડવાના પરિણામે આ પ્રવૃત્તિઓ થઈ હોય તો તેનો વબાલ કાયમી જહન્નમ છે જેમકે આ સૂરતમાં તેને وَیل ના શબ્દથી વર્ણન કર્યું છે.

فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ الَّذِيْنَ هُمْ يُرَآءُوْنَ આ હાલત મુનાફિકોની વર્ણન થઈ છે જે લોકોને બતાવવા માટે અને પોતાના ઈસ્લામના દા'વાને સાબિત કરવા માટે નમાઝ તો પઢે છે પરંતુ કારણ કે તેઓ નમાઝ ફરજ હોવાની આસ્થા જ નથી ધરાવતા તેથી ન તો સમયનું ધ્યાન રાખે છે ન જ મૂળેથી નમાઝનું, જ્યાં બતાવવાનો મોકો મળે છે ત્યાં પઢી લે છે નહિતર છોડી દે છે. عَنْ صَلَاتِهِمْ માં શબ્દ عَنْ નો આ જ ભાવાર્થ છે કે અસલ નમાઝથી જ લાપરવાહી અપનાવે જે મુનાફિકોની આદત છે અને નમાઝની અંદર અમુક ભૂલો અને ક્ષતિઓ રહી જાય છે જેનાથી કોઈ મુસલમાન ખાલી નથી તે આ વાક્યનો ભાવાર્થ નથી. કારણ કે તેના ઉપર જહન્નમની ધમકી નથી હોઈ શકતી અને જો એ ભાવાર્થ હોત તો عَنْ صَلَاتِهِمْ ના બદલે فِىْ صَلَاتِهِمْ કહેવામાં આવ્યું હોત. સહીહ હદીષોમાં ઘણા વખતે રસૂલે કરીમ ﷺથી નમાઝમાં ભૂલ થયાનું સાબિત થયેલ છે.

وَيَمْنَعُوْنَ الْمَاعُوْنَ માં مَاعُوْنَ નો શાબ્દિક અર્થ "નાની (ઘરવપરાશની) વસ્તુ"નો થાય છે, એટલે કે માઊન એવી ઉપયોગી વસ્તુને કહેવામાં આવે છે જે સામાન્ય રીતે એકબીજામાં આપ-લે થતી હોય છે અને જેની પરસ્પરની લેનદેન સામાન્ય માનવતાનો તકાદો સમજવામાં આવે છે, જેમકે કૂહાડી, પાવડો, ખાવા પકાવવાનું વાસણ જેને જરૂરતના સમયે પડોશીઓ પાસેથી માંગવાથી કોઈ એબ

સમજવામાં આવતી નથી અને જે તેને દેવામાં કંજૂસાઈ કરે તેને ખૂબ મોટો બખીલ અને કમીનો સમજવામાં આવે છે પરંતુ પ્રસ્તુત આયતમાં શબ્દ مَـــــاعُـــوْنُ થી ભાવાર્થ "ઝકાત" છે અને ઝકાતને માઊન એટલા માટે કહેવામાં આવે છે કે તે પ્રમાણના આધારે મૂળ મુદ્દલ કરતાં ખૂબ ઓછી છે, એટલે કે માત્ર ચાલીસમો ભાગ. હઝરત અલી, ઈબ્ને ઉમર (રદિ.), હસન બસરી, કતાદહ, ઝહ્હાક (રહ.) વગેરે જમહૂર તફસીરકારોએ આ આયતમાં માઊનની તફસીર "ઝકાત"ની જ કરી છે. (મઝહરી) અને તેને ન દેવા ઉપર કાયમી જહન્નમનો જે અઝાબ ઉપસ્થિત છે તે પણ ફરજ છોડવા ઉપર લાગુ પડી શકે છે. ઉપયોગની વસ્તુઓ બીજાને આપવી ઘણો મોટો સવાબ છે અને માનવતા તથા સહકારની ભાવનાના લિહાજથી જરૂરી છે પરંતુ ફરજ અને વાજિબ નથી કે જેને ન આપવાથી જહન્નમની ધમકી હોય અને અમુક હદીષની રિવાયતોમાં આ સ્થળે "માઊન"ની તફસીર ઉપયોગની વસ્તુઓ અને વાસણોની કરવામાં આવી છે, તેનો ભાવાર્થ તે લોકોની અત્યંત નીચ માનસિકતાની જાહેરાત છે કે તેઓ ઝકાત તો શું આપે સામાન્ય ઉપયોગની વસ્તુઓ આપવામાં પણ કે જેમાં પોતાનું કંઈ ખર્ચ નથી થતું તેમાં પણ કંજૂસી કરે છે, તો ધમકી માત્ર તે વસ્તુઓ ન આપવા ઉપર નથી બલકે ફરજ ઝકાત ન આપવા ઉપર અને તેની સાથે સાથે વધારે કંજૂસી ઉપર છે. વલ્લાહુ અઅ્લમુ.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ માઊન પૂર્ણ થઈ.

❑❑❑❑❑❑❑❑❑❑❑❑❑❑❑

**તારીખ :** ૦૬ માર્ચ ૨૦૧૫ મુતાબિક ૧૪ જમાદિઊલ અવ્વલ ૧૪૩૬ હિજરી

**ગુજરાતી અનુવાદક :** ઈલ્યાસ પટેલ ખાનપુરી

www.maarifulqurangujarati.com